# ઉત્તર પૂર્વીય ભારત ભૂકંપથી ધણધણ્યું

## ભારત-બાંગ્લાદેશ સરહદની નજીક કરીમગંજમાં ભૂકંપનું કેન્દ્ર રહ્યું : લોકો દહેશતના કારણે મેદાનમાં દોડી આવ્યા

ગુવાહાટી, તા. ૨

સમગ્ર ઉત્તર પૂર્વીય ભારત અને બાંગ્લાદેશમાં આજે સવારે ૫.૨ની તીવ્રતાનો આંચકો નોંધાયો હતો જેથી આસામ સહિતના ઘણા રાજ્યો હચમચી ઉઠ્યા હતા. બાંગ્લાદેશમાં પણ આંચકો અનુભવાયો હતો. બાંગ્લાદેશ અને ઉત્તર પૂર્વીય પ્રદેશમાં ૭.૦૧ વાગે આ આંચકો આવ્યો હતો. આંચકાની અસર ચારથી પાંચ સેકન્ડ સુધી નોંધાઈ હતી. ભૂકંપ સંબંધિત વિભાગે આ અંગેની માહિતી આપી છે. સાત ઉત્તર પૂર્વીય રાજ્યો આસામ, મેઘાલય, મિઝોરમ, તિપુરા, નાગાલેન્ડ, અરુણાચલ પ્રદેશ અને મણિપુરને વિશ્વમાં છઠ્ઠા સૌથી ભૂકંપ પ્રભાવિત પટ્ટા તરીકે ગણવામાં આવે છે. ૧૮૯૭માં અહીં રિક્ટર સ્કેવર ઉપર ૮.૭ની તીવ્રતાનો વિનાશકારી આંચકો પણ આવી ચૂક્યો છે જેમાં ૧૬૦૦થી વધુ લોકોના મોત થયા હતા.

આસામ અને પશ્ચિમ ત્રિપુરામાં રહેતા લોકોએ આંચકો પાંચ સેકન્ડ સુધી અનુભવ્યો હતો. ૫.૨ની તીવ્રતાના આંચકાથી કેટલાક મકાનોમાં તિરાડો પડી હોવાના પણ બિન સત્તાવાર અહેવાલો મળ્યા છે. જો કે આને સમર્થન મળી શક્યું નથી. હાલમાં રાજસ્થાનમાં પણ ભૂકંપનો આંચકો નોંધાયો હતો.

આસામમાં આજે વહેલી પરોઢે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો જેના કારણે લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. દહેશતના કારણે લોકો ખુલ્લા મેદાનમાં દોડી આવ્યા હતા. મળેલી માહિતી મુજબ ભૂકંપનું કેન્દ્ર ભારત-બાંગ્લાદેશ સરહદની પાસે કરીમગંજમાં હોવાનું જાણવા મળ્યું છે.ભૂકંપના કારણે તમામ વિસ્તારો હચમચી ઉઠ્યા હતા. લોકો વહેલી સવારે જ ભૂકંપને લઈને ચર્ચાનો દોર શરૂ થઈ ગયો હતો. ભૂકંપથી જાનમાલના નુકસાનના કોઈ પ્રાથમિક સમાચાર મળ્યા નથી પરંતુ તીવ્રતા પથી હોવાથી ભૂકંપ સાથે સંબંધિત વિભાગમાં પણ આને લઈને ચકાસણી હાથ ધરવામાં આવી હતી. ભૂકંપની તીવ્રતા રિક્ટલ સ્કેવર ઉપર ૫.૨ જેટલી આંકવામાં આવી છે.





તાજેતરના સમયમાં દેશના જુદા જુદા ભાગોમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. આસામમાં ઘણા આંચકા આવી ચૂક્યા છે. આ ઉપરાંત અરુણાચલ પ્રદેશમાં પણ ભૂકંપનો આંચકો આવ્યો હતો તે જોતા ભૂકંપ સંબંધિત વિસ્તારોમાં આને લઈને નવેસરની ગણતરી શરૂ થઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઓક્ટોબરમાં અરુણાચલ પ્રદેશમાં વેસ્ટ સિયાંગ જિલ્લામાં પણ ભૂકંપના આંચકા આવ્યા હતા જેની તીવ્રતા રિક્ટર સ્કેલ ઉપર ૪ જેટલી આંકવામાં આવી હતી. નવા વર્ષમાં ભૂકંપના આંચકા વધારે નોંધાયા નથી પરંતુ વારંવાર એવા સંકેત આપવામાં આવ્યા છે કે ભૂકંપના આંચકા હિમાલયની આસપાસના વિસ્તારોમાં આવી શકે છે.

## રેલવે જેવા બલ્ક કન્ઝ્યુમર માટે ડિઝલ કિંમતમાં વધારો

નવી દિલ્હી, તા. ૨

સામાન્ય લોકો પર બજેટ બાદ સતત વધારો ઝિંકવાનો સીલસીલો જારી રાખવામાં આવ્યો છે જેના ભાગરૂપે ગઈકાલે પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ રૂપિયા ૧.૪૦નો વધારો કરાયા બાદ હવે રેલવે જેવા બલ્ક કન્ઝ્યુમર માટે ડિઝલની કિંમતમાં લીટરદીઠ રૂપિયા એકનો વધારો કરાયો છે જ્યારે સબસિડી વાળા સિલિન્ડરના ક્વોટા બહાર ગેસ સિલિન્ડરની ખરીદી એટલે કે બિનસબસિડીવાળા ગેસ સિલિન્ડરની કિંમતમાં સિલિન્ડર દીઠ ૩૭.૫૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે જો કે પેટ્રોલ પંપ પર વેચાતા ડિઝલની છૂટક કિંમતમાં અથવા તો સબસિડી વાળા એલપીજી સિલિન્ડર માટેના રેટમાં કોઈ ફેરફાર કરાયો નથી.

પેટ્રોલિયમ પેદાશોની કિંમતમાં વધારો કરવાથી શ્રેણી આગળ વધારવા કોંગ્રેસના નેતૃત્વ હેઠળની યુપીએ સરકારે આજે બલ્ક ગ્રાહકો માટે ડીઝલની કિંમતમાં પ્રતિ લીટર એક રૂપિયાનો વધારો કર્યો છે. જેના પગલે માલભાડામાં વધારો થશે અને જેની સીધી અસર સામાન્ય લોકો પર પડશે. જ્યારે સબસીડી વગરના એલપીજીના ભાવમાં પ્રતિ સીલીન્ડર ૩૭.૫ રૂપિયાનો ઘટાડો કર્યો હતો. જો કે સબસીડીવાળા રાંધણગેસના સીલીન્ડરના ભાવ યથાવત રાખવામાં આવ્યા છે. બજાર નિષ્ણાંતોના જણાવ્યા મુજબ અંતરરાષ્ટ્રીય બજારમાં થતા ક્રુડના સોદાઓની અસર સરેરાશ ત્રણ થી પાંચ મહિનામાં પડતી હોય છે. હાલમાં ક્રુડનો ભાવ વધારે છે છતાં પણ રાંધણગેસ સસ્તો થવાનું આ કારણ છે. નિષ્ણાંતોના જણાવ્યા મુજબ ડીઝલનો ભાવ વધવાથી તેની સીધી અસર સામાન્ય લોકો પર પડશે. કારણકે, ડીઝલમાં ભાવ વધવાથી બસોના ભાડામાં પણ વધારો થશે. જનરેટરથી જે પાવર બેકઅપ મળે છે તેના માટે લોકોએ વધુ નાણાં



ચુકવવા પડશે. ખેડુતોને પંપસેટ ચલાવવા માટે પણ વધારે કિંમત ચુકવવી પડશે. ગઈકાલે જ પેટ્રોલની કિંમતમાં પ્રતિ લીટર ૧.૪૦ રૂપિયાનો વધારો કરાયો હતો. જે એક માસમાં બીજી વખત હતો. ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન (આઈઓસી)એ એક નિવેદનમાં ગઈકાલે કહ્યું હતું કે, અંતરરાષ્ટ્રીય બજારોમાં વધતી જતી ક્રુડની કિંમત અને અમેરિકન ડોલર સામે ઘટતી જતી રૂપિયાની કિંમતના પગલે પેટ્રોલની કિંમતમાં પ્રતિ લીટર ૧.૪૦ રૂપિયાનો વધારો કરવાની ફરજ પડી છે. જો કે આ વધારામાં સ્થાનિક સેલ્સ ટેક્સ અથવા તો વેટની રકમ ઉમેરવામાં આવે એટલે ગ્રાહકો પર અંદાજે બે રૂપિયાનો વધારે બોજ પડશે. ગત ૧૬ ફેબ્રુઆરીએ વેટ વગર પેટ્રોલની કિંમતમાં પ્રતિ લીટર ૧.૫૦ પૈસાનો વધારો કરાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, જુન ૨૦૧૦માં પેટ્રોલને નિયંત્રણ મુક્ત કરાયા બાદથી તેલ કંપનીઓ અંતરરાષ્ટ્રીય કિંમતોના આધારે સ્થાનિક કિંમતો નક્કી કરે છે. દરમિયાન ભાજપે ડીઝલની કિંમતમાં વધારો કરવાનો વિરોધ કરતાં કહ્યું હતું કે, કોંગ્રેસ સરકાર સામાન્ય લોકોને હવે કંગાળ બનાવવામાં મક્કમ બની ગઈ છે. બિનસબસિડી વાળા એલપીજીની કિંમતમાં ઘટાડો કરવાથી મોટા પરિવારને રાહત થશે. પરંતુ નાના પરિવારને આનાથી કોઈ ફાયદો થશે નહીં કારણે કે સરકારે થોડાક સમય પહેલા જ સબસિડી વાળા એલપીજી સિલિન્ડરોની સંખ્યા વધારીને નવ કરી હતી. જેથી નાના પરિવાર માટે નવ વાર્ષિક સિલિન્ડર પૂરતા હોઈ શકે છે પરંતુ મોટા પરિવારને સબસિડી વાળા નવ કરતા વધારે સિલિન્ડરની જરૂર પડે છે. જેથી નવથી વધુ એલપીજી ખરીદનારને એક સિલિન્ડર પર ૩૭.૫૦ રૂપિયાનો ફાયદો થશે.

## બીજી ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાના બેટ્સમેનો ફરી નિષ્ફળ રહ્યા

હૈદરાબાદ, તા. ૨

હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે શરૂ થયેલી બીજી ક્રિકેટ ટેસ્ટ મેચના આજે પ્રથમ દિવસે ઓસ્ટ્રેલિયાના પ્રથમ દાવમાં નવ વિકેટે ૨૩૭ રન દાવ ડિકલેરના જવાબમાં ભારતે વિના વિકેટે પાંચ રન કર્યા હતા. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યા બાદ ઓસ્ટ્રેલિયાના બેટ્સમેનો આજે ફરી એકવાર ફ્લોપ રહ્યા હતા અને નિયમિત ગાળામાં એક પછી એક વિકેટો ગુમાવી હતી. ટોપ ઓર્ડરના બેટ્સમેનો બિલકુલ ફ્લોપ રહ્યા હતા. વોર્નર, કોવાન, યુઝ, વોટસન નિષ્ફળ ગયા હતા. જો કે કેપ્ટન માઈકલ ક્લાર્કે શાનદાર ફોર્મ જાળવી રાખીને વધુ એક કેપ્ટન ઈનિંગ્સ રમી હતી. પ્રથમ ટેસ્ટમેચમાં સદી ફટકાર્યા બાદ ક્લાર્ક ફરી એકવાર સદી તરફ વધી રહ્યો હતો ત્યારે ૯૧ રન બનાવીને નર્વસ ૯૦નો ભોગ બન્યો હતો. ક્લાર્ક ૯૧ રને જાડેજાની બોલિંગમાં બોલ્ડ થતા સોપો પડી ગયો હતો. ક્લાર્કે ૧૮૬ બોલમાં નવ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૯૧ રન બનાવ્યા હતા. એક વખતે ઓસ્ટ્રેલિયાએ તેની ચાર વિકેટ ૬૩ રને ગુમાવી દીધી હતી પરંતુ ત્યારબાદ ક્લાર્ક અને વાડેએ બાજી સંભાળી લીધી હતી અને આ બંને ટેસ્ટમેનો સ્કોરને ૨૦૮ રન સુધી ખેંચી ગયા હતા. ત્યારબાદ વાડેની વિકેટ પડી હતી. વાડે આઉટ થયા બાદ એક પછી એક વિકેટ ફરીવાર પડી હતી. ભારત તરફથી કુમારે ત્રણ અને જાડેજાએ ત્રણ વિકેટ ઝડપી હતી. હરભજનસિંહને બે વિકેટ મળી હતી જ્યારે પ્રથમ ટેસ્ટ મેચમાં શાનદાર બોલિંગ કરનાર અશ્વિનને માત્ર એક જ વિકેટ મળી હતી. ઓસ્ટ્રેલિયા તરફથી મેકસવેલે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં એન્ટ્રી કરી હતી. સ્પીનરો આજના દિવસે છવાયેલા રહ્યા હતા અને ઓસ્ટ્રેલિયન બેટ્સમેનો સ્પીનરો સામે ફરી એકવાર થાપ ખાઈ ગયા હતા. ઓસ્ટ્રેલિયાએ નવ વિકેટે દાવ ડિકલેર કરીને તમામને ચોંકાવી દીધા હતા. એક વ્યૂહરચનાના ભાગરૂપે આ નિર્ણય લેવાયો હોવાનું જાણવા મળ્યુ છે. બીજીબાજુ ભુવનેશ્વરે બોલ્ડ કરવાનો રેકોર્ડ સર્જ્યો હતો.

## એસઆઈટીના ગઠનની માંગ નકારતી સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી, તા. ૨

સુપ્રીમ કોર્ટે ૩૬૦૦ કરોડ રૂપિયાના વીવીઆપી હેલિકોપ્ટર સોદામાં કથિત દલાલીના આરોપોની તપાસ સુપ્રીમ કોર્ટની દેખરેખમાં વિશેષ તપાસ દળ પાસેથી કરાવવાની અથવા તો સમગ્ર પ્રકરણને કેગને સોંપવા માટે દાખલ કરવામાં આવેલી અરજીને નકારી હતી.

ન્યાયમૂર્તિ આફતાબ આલમ અને ન્યાયમૂર્તિ રંજના પ્રકાશ દેસાઈની બેંચે વકીલ મનોહરલાલ શર્માની જાહેર હિતની અરજી નકારતા જણાવ્યું હતું કે, આ યોગ્ય મંચ નથી. વકીલ મનોહરલાલ શર્માએ આ અરજીમાં ૧૨ હેલિકોપ્ટરની ખરીદી માટે ઈટાલીની કંપની ફિનમેકાનિકા સાથે રક્ષા મંત્રાલયે કરેલ સોદાને રદ કરવા માટે આદેશ આપવા અરજ કરી હતી. ફિનમેકાનિકાની સહાયક કંપની ઓગસ્ટાવેસલેન્ડ આ હેલિકોપ્ટરનું નિર્માણ કરે છે અને અત્યારસુધીમાં ભારતમાં વીવીઆઈપી વ્યક્તિઓ માટે ત્રણ હેલિકોપ્ટરની ડિલીવરી મળી ચૂકી છે. અરજીમાં વિશેષ તપાસ કરાવવા અરજ કરવા સાથે સીબીઆઈ સમગ્ર તપાસ પર નજર રાખે તે વિશે વાંધો ઉઠાવવામાં આવ્યો છે કારણ કે સીબીઆઈ સરકારને આધીન સંસ્થા છે. અરજીમાં જણાવ્યા મુજબ ૨૦૧૧થી જ માહિતી હોવા છતાં આ મામલામાં કોઈપણ ભારતીય નાગરિક વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી નથી. વકીલ શર્માએ રક્ષામંત્રી એ.કે.એન્ટોની દ્વારા આ મામલાની તપાસ સીબીઆઈ પાસે કરાવવાનો આદેશ અપાયા બાદ અરજી કરી હતી.

### વાત કાનૂન કાયદાની (પાના નં. ૪ નું ચાલુ)

આઝાદ ભારતનું પ્રથમ ખેડૂત વિરોધી વિધેયક જો અમલમાં મુકાશે તો નાના અને સિમાંત ખેડૂતોની મુશ્કેલીમાં ઓર વધારો થશે અભણ ખેડૂત, લાયસન્સ લેવા દલાલોનાં હાથમાં શોષણનો શિકાર થશે. આ વિધેયકમાં ખોટું કરનારને વગર વોરંટે ધરપકડની જોગવાઇ છે. ખેડૂતોના મૂળભૂત અધિકારો ઉપર તરાપ મારનાર વિધેયકમાં ફેરવિચારણા ચોક્કસ સ્વીકારી રાજય સરકારે પુનઃ વિચારણા કરવી જોઇએ સર્વપક્ષીય સમિતી રચી અભ્યાસ માટે વિયેદક મોકલવું જોઇએ. જે સત્તા પોલીસ પાસે એક્ઝીકયૂટીવ મેજિસ્ટ્રેટ પાસે નથી તે સત્તા કેનાલ અધિકારીને મળી જાય છે. તેથી આપખુદી અને સરમુખત્યારી નિર્ણય લેશે.

સિંચાઇ યોજનાઓમાં ૬૫ સે.મી.નો ડેલ્ટા છે. સરદાર સરોવર પાસે ૪૫ સે.મીનો ડેલ્ટા છે. પણ વાસ્તવમાં ૩૯ સે.મી. નો જ ડેલ્ટા ફાળવાયો છે. આ કાયદામાં આર્બિટરી પાવર છે. જેમાં વ્યક્તિ સ્વાતંત્ર્ય અને પ્રોપર્ટી રાઇટનો ભંગ થાય છે. પોતાના કુવા ઉપર પોતાનો અધિકાર રહેશે નહીં.

નહેરમાં છેદ પાડી મોટર મુકી ગેરકાયદેસર રીતે પાણી લઇ પાક લેતા ખેડૂતો તથા સરકારી કામગીરીમાં દખલ દેનારો પ્રથમ વર્ગમાં મેજિસ્ટ્રેટ સમક્ષ ગુનો સાબિત થશે. છ માસની જેલ તથા ૧૦ હજારના દંડની જોગવાઇ છે.

અનઅધિકૃત પાણી લેનારની બાતમી આપનારને સરકાર પુરસ્કારથી નવાજશે તેથી ઇર્ષા, રાગદ્વેષનું વાતાવરણ વધશે.

સરકારને વિસ્તાર માટે જાહેરનામું બહાર પાડીને નક્કી કરે તે વિસ્તારમાં આ જોગવાઇઓ લાગુ પડશે. જગતનો તાત હવે અનાથની સ્થિતિમાં લાચાર, બિચારો બની સ્વનિર્ભરની જગ્યાએ તંત્ર ઉપર નિર્ભર થશે. પાક પોતાની ઇચ્છા મુજબ નહીં પણ કેનાલ અધિકારની ઇચ્છા મુજબ લેશે. પરિણામે અનાજ, કઠોળ, તેલિબિયા મોંઘા થશે. જેનો ભાર આમ જનતાને સહન કરવો પડશે.

## દેશની પ્રથમ મહિલા બેંકથી મહિલાઓના ઉત્સાહમાં વધારો

નવી દિલ્હી, તા. ૨

નાણાંમંત્રી પી. ચિદમ્બરમે્ બજેટમાં દેશની પ્રથમ મહિલા બેંક રજૂ કરવાની દરખાસ્ત કર્યા બાદથી મહિલાઓમાં ભારે ઉત્સાહ દેખાઈ રહ્યો છે. આ બેંક સંપૂર્ણપણે મહિલા લક્ષી રહેશે. જાણકાર નિષ્ણાંતોનું કહેવું છે કે મહિલા બેંકથી મહિલાઓના ઉત્સાહમાં વધારો થશે. નાણાંકીય મામલાઓમાં મહિલાઓને આનાથી પ્રોત્સાહન મળશે. બેકીંગ ક્ષેત્રે મહિલાઓ વધુ ઝડપથી સક્રિય થશે. બેંક કસ્ટમરો પણ મહિલાઓ જ રહેશે. બજેટ દરખાસ્તના પરિણામ સ્વરૂપે દેશમાં પ્રથમ મહિલા બેંકની રચના થશે. ગુજરાતમાં મહિલા સેવા સહકારી બેંક ચાલી રહી છે. આ ઉપરાંત મહારાષ્ટ્રના સતારામાં પણ મહિલા કો ઓપરેટીવ બેંક ચાલી રહી છે. હવે દેશની પ્રથમ મહિલા બેંક શરૂ કરવાની વાત ચાલી રહી છે. જાણકાર નિષ્ણાંતોનું કહેવું છે કે સામાન્ય રીતે મહિલાઓની એવી ગણતરી હોય છે કે પરિવારમાં નાણાંકીય મામલાઓ પુરુષો ઉપર છોડી દેવામાં આવે છે. છૂટાછેડા અથવા તો મૃત્યુના કેસમાં શું કરવું તે બાબત પણ મોટાભાગની મહિલાઓને સમજાતી નથી પરંતુ મહિલા બેંકની હિલચાલથી મહિલાઓને પ્રોત્સાહન મળશે. તથા સાથે સાથે આવી સ્થિતિ ઊભી થાય તો નાણાંકીય નિર્ણય લેવામાં મહિલાઓની શક્તિ વધશે. ઘણી બધી મહિલાઓ તેમના પોતાના બિઝનેસની શરૂઆત કરવાની યોજના ધરાવે છે. મહિલાઓ માટે તેમની બેંક તેમને નાણાંકીય રીતે આત્મનિર્ભર બનાવવામાં મદદરૂપ થશે. આ ઉપરાંત મહિલાઓની ભાગીદારી નાણાંકીય મામલાઓમાં સતત વધશે. મહિલાઓ ઝડપથી તેમના નિર્ણયો કરી શકશે. બિઝનેસ કરતી મહિલાઓ પોતાના નાણાં પોતાની પાસે રાખી શકશે. મહિલા બેંક સ્થાપિત કરવા પાછળ અન્ય પણ હેતુ રહેલા છે. મહિલાઓની વધતી જતી ભાગીદારીનો મુખ્ય હેતુ હાલની પ્રવર્તમાન બેંકો પૂરી કરી શકી નથી. ઘણી જાહેર ક્ષેત્રની બેંકો તેમના વલણને પણ બદલી શકી નથી. બજેટમાં જાહેરાત કરવામાં આવ્યા બાદ નવી બેંકમાં ૧૦૦૦ કરોડ રૂપિયાની પ્રાથમિક મૂડી રહેશે. અને આ બેંકને ઓક્ટોબર સુધીમાં લાઈસન્સ મળી જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. તમામ સંબંધિત મંજૂરી મળી ગયા બાદ ઓક્ટોબર સુધી આ બેંક શરૂ થઈ જશે જેથી મહિલાઓની શક્તિ વધશે. હાલમાં પુરુષ પ્રધાન સમાજમાં મોટાભાગે નાણાંકીય નિર્ણય પુરુષો કરે છે પરંતુ આ બેંકથી ફાયદો થશે.

## ઉત્તર પ્રદેશમાં ગમખ્વાર દુર્ઘટના : ૧૧ મોત થયા

ઉત્તરપ્રદેશ, તા. ૨

ઉત્તરપ્રદેશના જૌનપુરમાં ગમખ્વાર માર્ગ અકસ્માતમાં ૧૧ લોકોના મોત થયા છે અને અન્ય કેટલાક લોકો ગંભીરરીતે ઘાયલ થયા છે. અકસ્માતના કારણે સમગ્ર વિસ્તારમાં અફડાતફડી મચી ગઈ હતી અને ટ્રાફીક જામની સ્થિતિ પણ સર્જાઈ હતી.

ઘાયલ લોકોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મળેલી માહિતી મુજબ જૌનપુરમાં માર્ગ દુર્ઘટનામાં ૧૧ લોકોના મોત નીપજ્યા છે. જ્યારે અન્ય ત્રણ ગંભીર રીતે ઘાયલ છે. જોનપુર જિલ્લાના જલાલપુર વિસ્તારમાં સંબંધીના અંતિમ સંસ્કાર કરી પરત ફરી રહેલી જીપને ટ્રકે અડફેટમાં લેતા જીપ ખાડામાં પડી જતાં જીપમાં સવાર ૧૧ લોકોના મોત નીપજ્યા હતા જ્યારે ત્રણ વ્યક્તિ ગંભીરરૂપથી ઘાયલ થયા હતા. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર શુક્રવારના રાતે ૧૨ વાગ્યાની આસપાસ એક વ્યક્તિના અંતિમ સંસ્કાર કર્યા બાદ પરત ફરી રહેલા લોકો સાથેની જીપને ટ્રકે અડફેટે લેતા જીપ પુલ પરથી નીચે પડી જતા ૧૧ લોકોએ ઘટના સ્થળે જ જીવ ગુમાવ્યા હતા.

## મતદારને હવે પાન જેવા જ કલરફુલ આઈકાર્ડ અપાશે

નવી દિલ્હી, તા. ૨

વોટર આઈડી કાર્ડની ગુણવત્તામાં સુધારો કરવાના હેતુસર ચૂંટણી પંચે પાનકાર્ડ જેવા ઓળખપત્ર રજુ કરવાનો નિર્ણય કર્યો છે જેમાં કલર ફોટો રહેશે સાથે સાથે પાનકાર્ડ જેવા કલરફુલ આઈકાર્ડ સાથે ચેડા પણ થઈ શકશે નહીં. એટલે કે આ ઓળખપત્ર વધારે ટેમ્પરપ્રુફ રહેશે. આ અંગેની એક દરખાસ્ત હાથ ધરવામાં આવી ચુકી છે. ઉત્તર પ્રદેશના પાટનગર અને ગાજિયાબાદમાં તેમજ રાષ્ટ્રીય પાટનગરમાં પાઈલોટ પ્રોજેક્ટ તરીકે આની શરૂઆત કરવામાં આવી છે. ચૂંટણી પંચને આ અંગેની એક દરખાસ્ત રાજ્યમાં મુખ્યચૂંટણી ઓફીસ દ્વારા મોકલવામાં આવી છે. ટૂંક સમયમાં જ અંતિમ નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા છે. ઉત્તર પ્રદેશના ચીફ ઈલેક્ટોરલ ઓફિસર (સીઈઓ) ઉમેશ સિંહાએ માહિતી આપતા કહ્યુ છે કે આ નવા આઈડી કાર્ડ ખૂબજ ઓછી કિંમતે જારી કરવામાં આવશે. તેમણે કહ્યુ હતુ કે નવા નોંધણી કરાયેલા મતદારોને એક વખતે ચૂંટણી સુધારા કાર્યક્રમની શરૂઆત થયા બાદ નવા આઈડી કાર્ડ આપવામાં આવશે. નવા કાર્ડ પીવીસી સીટ પર પ્રિન્ટેડ કરવામાં આવશે અને તેનું કદ ૮.૬ સેમીની આસપાસ રહેશે. હાલના કાર્ડમાં ખુબજ નિરાશાજનક ગુણવત્તા વાળા ફોટોગ્રાફ અને અન્ય જરૂરી ચીજો ઉમેરવામાં આવી છે. જેથી વાસ્તવિક મતદારોની ઓળખની બાબત સમસ્યારૂપ બની છે. તેમણે ઉમેર્ય હતુ કે હવે આધુનિક સુધારવામાં આવેલા આઈકાર્ડની તૈયારી હાથ ધરાઈ છે. પાઈલોટ તબક્કા દરમિયાન કોઈ પણ ચીપ સામેલ કરવામાં આવશે નહીં પરંતુ ચૂંટણી પેનલે ભવિષ્યમાં બાયોમેટ્રિક બાબતો ઉમેરવાનો ઈન્કાર કર્યો નથી. રાજ્યપંચે વિચારણા રજુ કર્યા બાદ આવનાર દિવસોમાં આ પ્રક્રિયા વધુ ઝડપી બની શકે છે. વધુ મતદાન મથકોને જોડવા અને ઓળખી કાઢવાના પ્રયાસ જીઓ ઈન્ફરમેશન સિસ્ટમ (જીઆઈએસ) મારફતે ૭૫૦૦૦ મતદાન મથકો ઓળખી કાઢવામાં આવ્યા છે. આના મારફતે મતદારોની ઓળખ સરળ બનશે. આગામી લોકસભાની ચૂંટણી પહેલા બાકીના ૧૩૦૦૦૦ મતતાન મથકોને આવરી લેવામાં આવશે. ઉત્તર પ્રદેશમાં ૧૨૭.૩ મિલિયન નોંધાયેલા મતદારો છે. આમાં ૨૦૧૪ સુધી વધારો થશે અને આંકડો ૧૩૦ મિલિયન સુધી જશે.

## દિલ્હીમાં વધુ બે લાપતા બાળકોના મૃતદેહ મળ્યા

નવી દિલ્હી, તા. ૨

દેશના ક્રાઈમ પાટનગર તરીકે જાણિતા થયેલા દિલ્હીમાં ગુનાઓના પ્રમાણમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. દિલ્હી ગેંગ રેપના બનાવ બાદ સઘન સુરક્ષા વ્યવસ્થા અને અન્ય સુરક્ષા સાથે સંબંધિત પગલા લેવાયા હોવા છતાં દિલ્હીમાં બનાવો યથાવતરીતે બની રહ્યા છે. હવે લાપતા થયેલા બે બાળકોના મૃતદેહ મળી આવતા સનસનાટી મચી ગઈ છે. દિલ્હીમાં ગુના ઓછા થવાનું તો જાણે નામ જ નથી લઈ રહ્યા. તાજેતરમાં જ દિલ્હીના પ્રગતિ મેદાન વિસ્તાર નજીકથી બે બાળકોના મૃતદેહ મળી આવ્યા છે. જે એક સાત વર્ષીય બાળક અને પાંચ વર્ષીય બાળકીનો છે. પોલીસના સુત્રોએ જણાવ્યા અનુસાર પ્રાપ્ત થયેલ બંને શવ ભાઈ-બહેન છે. જે ૨૬ ફેબ્રુઆરીના રોજ મંડાવલી વિસ્તારથી અપહરણ કરાયું હતું. અપહરણ બાદ અપહરણકર્તાએ ૩૦ લાખ રૂપિયાની માંગણી કરી હતી. પોલીસકર્મી આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી રહી છે.બંનેની હત્યા થઈ હોવાનું પ્રાથમિકરીતે જાણવા મળ્યુ છે.

## હવે બાગીઓને કોંગ્રેસમાં પ્રવેશ મળશે નહીં : રાહુલ

મુંબઈ, તા. ૨

કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ પાર્ટીના બાગી નેતાઓને કડક ચેતવણી આપતાં કહ્યુંછે કે, કોંગ્રેસ છોડીને જનાર નેતાઓને પાર્ટીમાં પરત લેવામાં નહીં આવે. હવેથી કોંગ્રેસમાં આવા બાગી નેતાઓને ફરીથી સામેલ કરવાની પરંપરા બંધ કરવામાં આવી છે. ઉપાધ્યક્ષ બન્યાં બાદ પ્રથમવાર મુંબઈમાં પોતાની પાર્ટી કોંગ્રેસના કાર્યકર્તાઓને રૂબરૂ મળવા આવેલા ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ શુક્રવારે જણાવ્યું હતું કે, બાગી નેતાઓ માટે હવે દરવાજા કદાપિ ખોલવામાં આવશે નહીં, જે લોકો પાર્ટી છોડીને ચાલ્યા જાય છે અને પાર્ટીના અધિકૃત ઉમેદવાર વિરુદ્ધ ચૂંટણી લડે છે અને બાદમાં પાર્ટીમાં પરત ફરવાના પ્રયાસ કરે છે તે બાબત ચલાવી લેવામાં નહીં આવે. પહેલાં આ બાબત સંભવ હતી પરંતુ હવે સંભવ રહેશે નહીં. તેમણે આશાવાદ વ્યક્ત કર્યો હતો કે, મુંબઈ એકમના અધ્યક્ષની નિમણૂંકના મુદ્દાનું સમાધાન કરવાના પ્રયાસો કરાશે. ઉલ્લેખનીય છે કે, કૃપાશંકરસિંહના મુંબઈ કોંગ્રેસ એકમના અધ્યક્ષ પદેથી હટ્યા બાદ આ પદ લગભગ એક વર્ષથી ખાલી છે. પાર્ટી નેતાઓમાં જૂથબંધીના કારણે આ પદની નિમણૂંકમાં મોડું થઈ રહ્યું છે. રાહુલે કાર્યકર્તાઓને સલાહ આપી હતી કે, લોકો વચ્ચે જઈને તેમની સમસ્યાઓ સાંભળી મદદરૂપ બનવું જોઈએ. દુષ્કાળ પ્રભાવિત લોકોને રાહત પહોંચાડવા માટે કામે લાગી જવા પણ કાર્યકર્તાઓને રાહુલે આહ્વાન કર્યું હતું. મુંબઈ સ્થિત કોંગ્રેસ મુખ્યાલયમાં યોજાયેલ બેઠકમાં પાર્ટી સાંસદો, ધારાસભ્યો અને કાઉન્સિલરો સાથે રાજ્યના મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચવ્હાણ અને પ્રદેશ અધ્યક્ષ માણેકરાવ ઠાકરે સહિત અનેક ટોચના કોંગ્રેસી નેતાઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## સમાચાર ઝલક

- ઉત્તરપ્રદેશમાં બાળ રિમાન્ડ હોમના કેદી બાળકોએ તોડફોડ કરી.
- વિશ્વરૂપમનું કલેકશન રૂપિયા ૨૦૦ કરોડ થયું.
- અંકલેશ્વરમાં રાસાયણિક કારખાનામાં ગેસ ગળતણથી ૩નાં મોત.
- દિલ્હીમાં ફરીથી બળાત્કારનો બનાવ બનતાં દિલ્હીવાસીઓ લાલઘૂમ.
- કાનપુરમાં કેન્દ્રિય મંત્રી પ્રકાશ જયસ્વાલના કાર્યક્રમમાં હોબાળો.
- મુંબઇમાં એ.ટી.એમ. તોડી રૂપિયાની લૂંટ ચલાવી.
- જમ્મુ-કાશ્મીર-વાતાવરણથી કુદરતી તોફાન થવાનો ભય.
- બગદાદમાં કાર બોમ્બ વિસ્ફોટથી ૨૨નાં મોત.
- બાંગ્લાદેશમાં હિંસા વકરી ૫૨ વ્યક્તિઓનાં મોત, હિંસા હજુ ચાલુ.
- અમદાવાદમાં ઝવેરીને ત્યાં ૨૩ લાખની ચોરી.
- સંયુક્ત રાષ્ટ્રસંઘના અધ્યક્ષ પદે રશિયાની પસંદગી.